
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૩૪ | ૬ નવેમ્બર, ૨૦૨૨, રવિવાર; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઈરાનમાં દેખાવકારો સામે ક્રૂર કાર્યવાહી

**સુરક્ષા દળોની ક્રૂરતાથી ૨૭૭નાં મોત : મહસા અમીનીના મોત બાદ ઈરાનમાં વ્યાપક વિરોધ : ઈરાનમાં છેલ્લા ૬ અઠવાડિયામાં ઓછામાં ઓછા ૧૪,૦૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે**



નવી દિલ્હી, તા.૫

૨૨ વર્ષની મહસા અમીનીના મોત બાદ ઈરાનમાં વ્યાપક વિરોધ થઈ રહ્યો છે. સુરક્ષા દળો દેખાવકારો પર કડક કાર્યવાહી કરીને હિજાબ વિરુદ્ધના વિરોધને દબાવવાનો પૂરો પ્રયાસ કરી રહ્યા છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર, ઈરાનમાં છેલ્લા ૬ અઠવાડિયામાં ઓછામાં ઓછા ૧૪,૦૦૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં મહિલાઓ, બાળકો, પુરૂષો, માનવાધિકાર રક્ષકો, વિદ્યાર્થીઓ, વકીલો, પત્રકારો અને નાગરિક સમાજના કાર્યકરોનો સમાવેશ થાય છે.

ઈરાનમાં માનવાધિકારની સ્થિતિ પર નજર રાખતા સ્પેશિયલ રિપોર્ટર જાવેદ રહેમાને બુધવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સંબોધનમાં જણાવ્યું હતું કે, સુરક્ષા દળોની ક્રૂર કાર્યવાહીને કારણે દેશમાં ઓછામાં ઓછા ૨૭૭ લોકોના મોત થયા છે. આ એક આંકડો છે જે માનવ અધિકાર જૂથોના અહેવાલો દ્વારા સમર્થિત છે. જોકે, ઈરાન સરકાર સિવાય ચોક્કસ આંકડાઓ કહેવું અશક્ય છે. રહેમાને ઈરાનમાં ચાલી રહેલા વિરોધને કારણે ૧,૦૦૦ લોકોની ધરપકડ અને તેના કેટલાક આરોપોમાં મૃત્યુદંડનો પણ ઉલ્લેખ કર્યો હતો.

## કાશ્મીર, હિમાચલમાં હિમવર્ષા, ઉત્તરાખંડમાં વરસાદની આગાહી

**ઉત્તર ભારતમાં ઠંડીનો ચમકારો શરૂ થવાની સંભાવના : પહાડો પર બગડતા હવામાનની અસર મેદાની વિસ્તારો સુધી લંબાશે અને થોડા દિવસોમાં તીવ્ર ઠંડી જોવા મળશે**

નવી દિલ્હી, તા.૫

આગામી થોડા દિવસોમાં ઉત્તર ભારતમાં ઠંડીનો ચમકારો શરૂ થવાની સંભાવના છે. હવામાન વિભાગે પહાડો પર હિમવર્ષા અને વરસાદની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં અનેક ફૂટ હિમવર્ષા સાથે વરસાદની સંભાવના છે. ઉત્તરાખંડમાં પણ હળવો કે મધ્યમ વરસાદ પડી શકે છે. પહાડો પર બગડતા હવામાનની અસર મેદાની વિસ્તારો સુધી લંબાશે અને આગામી થોડા દિવસોમાં તીવ્ર ઠંડી જોવા મળી શકે છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિત-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ અને હિમાચલ પ્રદેશમાં રવિવાર સુધી હિમવર્ષા અને વરસાદની પ્રક્રિયા ચાલુ રહેશે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઉત્તરાખંડથી લઈને યુપીના કેટલાક વિસ્તારોમાં પણ થઈ શકે છે.

શ્રીનગર સ્થિત પ્રાદેશિક હવામાન કચેરીના જણાવ્યા અનુસાર શનિવારથી આગામી ૭૨ કલાક દરમિયાન જમ્મુ-કાશ્મીરના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ૬ અને ૭ નવેમ્બરે કેટલાક વિસ્તારોમાં ૪ ફૂટ સુધીની હિમવર્ષા થઈ શકે છે. આ હવામાન પ્રણાલીઓને કારણે, દરિયાકાંઠાના તમિલનાડુમાં છેલ્લા ૨૪ કલાકમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ભારે વરસાદ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ૫ રાજ્યોની વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી જાહેર

**ઓડિશા, રાજસ્થાન, બિહાર, યુપી, છત્તીસગઢમાં ૫, ડિસેમ્બરે પેટા ચૂંટણી : યુપીની રામપુર, ઓડિશાની પદમપુર, બિહારની કુરહની, રાજસ્થાનની સરદારશહર બેઠક ઉપર પેટા ચૂંટણી**

નવી દિલ્હી, તા.૫

ભારતીય ચૂંટણી પંચે દેશના પાંચ રાજ્યોની ૫ વિધાનસભા બેઠકો સહિત એક લોકસભા બેઠક પર પેટા ચૂંટણીનુ એલાન કરી દીધુ છે.

પંચે જે રાજ્યોના વિધાનસભા વિસ્તારમાં પેટા ચૂંટણીની જાહેરાત કરી છે. તેમાં ઓડિશા, રાજસ્થાન, બિહાર, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢ સામેલ છે.

આ પાંચેય રાજ્યોની ૫ વિધાનસભા બેઠકો અને ઉત્તર પ્રદેશની મેનપુરી લોકસભા બેઠક પર પેટા ચૂંટણી ૫ ડિસેમ્બરે થશે. પંચે કહ્યુ છે કે આ સંસદીય અને વિધાનસભા મતવિસ્તારોમાં ખાલી જગ્યા ભરવા માટે ટૂંક સમયમાં ચૂંટણી કરાવવાની જરૂર છે.

ઈલેક્શન કમિશને જણાવ્યુ કે ઉત્તર પ્રદેશની રામપુર, ઓડિશાની પદમપુર, બિહારની કુરહની અને રાજસ્થાનની સરદારશહર અને છત્તીસગઢની ભાનુપ્રતાપપુર (એસટી અનામત બેઠક) વિધાનસભા બેઠકો અને યુપીની મેનપુરી લોકસભા બેઠક પર પેટા ચૂંટણી થશે.

આ બેઠક માટે ૧૦ નવેમ્બરે સૂચના જાહેર થશે. નામાંકનની છેલ્લી તારીખ ૧૭ નવેમ્બરે થશે જ્યારે નામાંકનોની તપાસની તારીખ ૧૮ નવેમ્બર અને ઉમેદવારી ખેંચવાની અંતિમ તારીખ ૨૧ નવેમ્બરે થશે. પેટા ચૂંટણી માટે મતદાન ૫ ડિસેમ્બરે થવાનુ છે અને મતગણતરી ૮ ડિસેમ્બરે થશે.

## સરકાર દરેકની સમસ્યા ઉકેલી શકે નહી : ઋષિ સુનક

**ગીરોની વધતી ચૂકવણી અંગે લોકોની ચિંતાઓને જાણું છું, આ સમસ્યામાંથી છુટકારો મેળવવા પગલા ભરીશું**

લંડન, તા.૫

બ્રિટનના લોકો અત્યારે આર્થિક સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે. બ્રિટનના નવા વડાપ્રધાન ઋષિ સુનક પાસેથી જનતાને ઘણી આશા છે. મોટાભાગના બ્રિટિશ એ વાતની આશા કરી રહ્યા છે કે પીએમ સુનક તેમની આર્થિક મુશ્કેલીઓને ટૂંક સમયમાં જ દૂર કરી દેશે. જોકે સુનકે સ્પષ્ટ રીતે કહી દીધુ છે કે સરકાર દરેકની સમસ્યા ઉકેલી શકે નહીં. તેમનુ કહેવુ છે કે તેઓ આગામી આર્થિક મુશ્કેલીઓ પ્રત્યે ઈમાનદાર રહીને જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. ઋષિ સુનકે કહ્યુ, હુ ગીરોની વધતી ચૂકવણી અંગે લોકોની ચિંતાઓને જાણુ છુ. આ સમસ્યામાંથી છુટકારો મેળવવા હુ દરેક પગલા ઉઠાવવા તૈયાર છુ. હુ એ સ્પષ્ટ કરી દેવા ઈચ્છુ છુ કે સરકારી હસ્તક્ષેપની પણ મર્યાદા હોય છે. એ યોગ્ય છે કે આપણે જે ટ્રેડ-ઓફનો સામનો કરી રહ્યા છીએ તેને લઈને ઈમાનદાર છીએ. દરેક હવે ઉધાર લેવાની વાત કરે છે, સરકાર બધુ જ નથી કરી શકતી. ઋષિ સુનકને ઈનકમ ટેક્સ અને વેટ મુદ્દે પણ પ્રશ્ન કરવામાં આવ્યા જેની પર તેમણે કમેન્ટ કરવાની મનાઈ કરી દીધી. તેમણે કહ્યુ કે હુ ટેક્સ પોલિસી વિશે અત્યારે વાત કરવા ઈચ્છતો નથી.

## રશિયાના મોસ્કોના કોસ્ત્રોમાં શહેરના કેફેમાં આગ : ૧૫નાં મોત

**કોઈ વ્યક્તિએ ઝઘડા બાદ ફ્લેયર ગનનો ઉપયોગ કર્યો: આ ઘટનામાં રાહત બચાવ ટીમને રેસ્ટોરન્ટમાં ફસાયેલા ૨૫૦થી વધારે લોકોને બચાવવામાં સફળતા મળી**

મોસ્કો, તા.૫

રશિયાના કોસ્ત્રોમાં શહેરના એક કેફેમાં શનિવારે આગ લાગી જવાથી ૧૫ લોકોના મોત



થઈ ગયા છે. અધિકારીઓએ જાણકારી આપી છે કે, કેફેમાં આગ ત્યારે લાગી જ્યારે કોઈ વ્યક્તિએ ઝઘડા બાદ ફ્લેયર ગનનો ઉપયોગ કર્યો હતો. ગનના ઉપયોગ બાદ આગ લાગી ગઈ હતી અને સ્થિતિ બેકાબુ બની ગઈ હતી. જોકે આ ઘટનામાં રાહત બચાવ ટીમને રેસ્ટોરન્ટમાં ફસાયેલા ૨૫૦ લોકોને બચાવવામાં સફળતા મળી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આગજનીની ઘટના રશિયાની રાજધાની મોસ્કોથી ૩૪૦ કિલોમીટર દૂર ઉત્તરમાં સ્થિત કોસ્ત્રોમાં શહેરના રેસ્ટોરન્ટમાં બની હતી. અધિકારીઓએ જણાવ્યું કે, રેસ્ટોરન્ટમાં બે લોકો વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ થઈ ગયો હતો. ત્યાર બાદ એક વ્યક્તિએ ફ્લેયર ગનથી ફાયર કર્યું હતું. ત્યારબાદ રેસ્ટોરન્ટમાં આગ લાગી ગઈ હતી.

## સંયુક્ત ઓપરેશનમાં તોયબાના બે આતંકી ઝડપાયા

**પોલીસે મોટા આતંકી ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું : આતંકવાદીઓ પાસેથી એક પિસ્તોલ, એક પિસ્તોલ મેગેઝિન, પિસ્તોલ રાઉન્ડ, વિસ્ફોટક ઉપકરણો મળ્યા**

જમ્મુ, તા.૫

જમ્મુ-કાશ્મીરમાં પોલીસે ઘાટીમાં એક મોટા આતંકવાદી ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે કહ્યું કે સોપોર પોલીસે બારામુલા પોલીસ સાથે સંયુક્ત ઓપરેશનમાં લશ્કર-એ-તૈયબાના ૨ ખતરનાક આતંકવાદીઓને પકડ્યા છે. તેમની પાસેથી હથિયારોનો જથ્થો મળી આવ્યો છે. હાલમાં પોલીસે કેસ નોંધીને આતંકીઓના તાર જોડવાની તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પકડાયેલા લશ્કરના બંને આતંકવાદીઓ પાસેથી એક પિસ્તોલ, એક પિસ્તોલ મેગેઝિન,

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીવાસીઓ પ્રદૂષણથી જીવ બચાવવો હોય તો માસ્ક પહેરજો : માંડવિયા

**કેજરીવાલ તો ચૂંટણીમાં વ્યસ્ત છેઃ મનસુખ માંડવિયા**

નવી દિલ્હી,તા.૫

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કરતા કહ્યું કે, દિલ્હીના મુખ્યમંત્રી ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે, એટલા માટે દિલ્હીવાસી પોતાને પ્રદૂષણથી બચાવવા માટે માસ્ક પહેરે. ખતરનાક પ્રદૂષણના સ્તર અને સ્વાસ્થ્ય સંબંધી ચેતવણીઓથી ચિંતિત દિલ્હી સરકારે શુક્રવારે ઘોષણા કરી હતી કે, પ્રાઈમરી સ્કૂલ શનિવારથી બંધ રહેશે અને તેના ૫૦ ટકા કર્મચારીઓ ઘરેથી કામ કરશે, જ્યારે પ્રાઈવેટ ઓફિસોને પણ તે અનુસાર કામ કરવાની સલાહ આપી છે. દિલ્હીની વાયુ ગુણવત્તા સતત બીજા દિવસે પણ ગંભીર બની રહી હતી. માંડવિયાએ હિન્દીમાં કરેલા એક ટ્વિટમાં કહ્યું કે, દિલ્હીના લોકોને માસ્ક પહેરવા અને વાયુ પ્રદૂષણથી

● અનુસંધાન પાન-૭ પર

**ફ્લેટ વેચવાનો છે**

240 વારનો, 3 બેડરૂમ,
A-501, શ્યામવેદ ગ્રીન વેલી,
સરગાસણ, ગાંધીનગર
રેડી પઝેશન ● BU પરમીશન સાથે
99090 27452, 99250 48660

સોમવારથી શરૂ થતી સાંજે
૬ વાગ્યાની બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar




હૃદયાંજલિ



**લત્તાબેન કે. ચોક્સી**
(સ્થાપક પ્રમુખ, જ્યોતિ મહિલા મંડળ)
મહિલા જગતના Role Model

કડક, બાહોશ, નિડર એવા કર્મસ્થ 'લત્તાબેન'
કિન્તુ
મમતામૂર્તિ, પ્રેરણામૂર્તિ એવા હૃદયસ્થ 'લત્તામાસી'
આપ,
આપના કાર્યો થકી અમારા સૌના હૃદયમાં છો...

ડો. ચેતના અરૂણ બુચ
નીરૂબેન નાયક । પુષ્પાબેન મહેતા । મીનાબેન શાહ
હર્ષાબા ધાધલ । જ્યોત્સનાબેન મણિયાર

સમગ્ર જ્યોતિ મહિલા મંડળ પરિવાર, ગાંધીનગર
તથા રાધાકૃષ્ણ મંડળ